Thursday
25.06.2026
*Volume :10 * Issue No.349
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily
વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Office : A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે NAFEDના ઈ-ઑકશન પોર્ટલ NAFEX.inનો શુભારંભ કરાવ્યો

## કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે NAFEDનું ઈ-ઓક્શન પોર્ટલ NAFEX.in લોન્ચ કર્યું

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NAFED) ના ઈ-ઓકશન પોર્ટલ NAFEX.inનો શુભારંભ કરાવ્યો હતો. આ અવસરે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણવિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ, સહકાર રાજ્ય મંત્રી શ્રી કૃષ્ણ પાલ ગુર્જર, સહકાર મંત્રાલયના સચિવ ડૉ. આશિષ કુમાર ભુતાની, નાફેડના અધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહીર અને અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે નાફેડ (NAFED) દ્વારા આજે ચાર મોટી પહેલ શરૂ કરવામાં આવી છે, જેમાં NAFEX.in, દ્રષ્ટિ (DRISHTI), ઈઆરપી (ERP) અને નાફેડ કલ્યાણ (NAFED Kalyan)નો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે NAFEX.in અને અન્ય પહેલો અત્યંત મહત્વપૂર્ણ છે કારણ કે વર્ષ ૨૦૧૪માં નાફેડ બંધ થવાના આરે હતું પરંતુ આ પ્રયાસોને કારણે આજે નાફેડ ૩૦,૦૦૦ કરોડના ટર્નઓવર અને ૫૦૦ કરોડના નફા સાથે દેશના ૭૪ લાખથી વધુ ખેડૂતોની સેવા કરી રહ્યું છે. શ્રી શાહે જણાવ્યું હતું કે જ્યારે NAFED ભારે નાણાકીય કટોકટીમાં હતું, ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ તેને સંપૂર્ણ પારદર્શિતા સાથે ચલાવવાનો નિર્ણય કર્યો હતો. તેમણે કહ્યું કે ભારત સરકારે નાણાકીય સહાય પૂરી પાડી અને નાફેડને ફરી એકવાર મજબૂત પાયા પર લાવી દીધું. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આજે નાફેડે ઉત્પાદન અને ખરીદી બંનેમાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો છે. દેશને કઠોળ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે, NCCF અને NAFED એ કઠોળના એક-એક દાણાની સીધી ખેડૂતો પાસેથી ખરીદી કરવા માટે વધુ ઝડપથી આગળ વધવું પડશે. આનાથી ખેડૂતોને વાજબી અને લાભદાયી ભાવો મળવાની ખાતરી થશે, કઠોળના વાવેતર હેઠળનો વિસ્તાર આપોઆપ વધશે અને દેશ કઠોળ ક્ષેત્રે આત્મનિર્ભર બનશે. કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં કઠોળ, મકાઈ અને અન્ય પેદાશોની સીધી ખરીદી માટે જરૂરી માળખાગત સુવિધાઓ તૈયાર કરવામાં આવ્યું છે. હવે આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ગ્રાઉન્ડ લેવલ સુધી લઈ જવાનું છે. શ્રી શાહે કહ્યું કે નાફેડ અને એનસીસીએફ (NCCF)એ સંપૂર્ણ સંકલ્પ અને પારદર્શિતા સાથે કામ કરવું પડશે, તો જ પરિણામો પ્રાપ્ત થશે. તેમણે કહ્યું કે એ સુનિશ્ચિત કરવામાં આવશે કે આગામી બે વર્ષમાં તમામ ખેડૂતો આ બંને સંસ્થાઓને સીધા જ કઠોળ વેચી શકશે અને તેમની ચૂકવણી સીધી તેમના બેંક ખાતામાં મેળવી શકશે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આજે નાફેડ માત્ર કૃષિ પેદાશોની ખરીદી પૂરતું મર્યાદિત નથી રહ્યું. છેલ્લા ત્રણ વર્ષમાં, નાફેડે ઓર્ગેનિક ખેતી, બિયારણ ઉત્પાદન, રિટેલ વ્યવસાય, બાયો-ફર્ટિલાઈઝર ઉત્પાદન, ખાદ્ય સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય વેપાર જેવા ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે, જેણે નાફેડની સુસંગતતા અને નફાકારકતા બંનેમાં વધારો કર્યો છે. તેમણે કહ્યું કે જ્યારે સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી ત્યારે નાફેડનું ટર્નઓવર ૨૦,૦૦૦ કરોડ હતું, જે હવે વધીને ૩૦,૦૦૦ કરોડ થયું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી બે વર્ષમાં આ ટર્નઓવર ૫૦,૦૦૦ કરોડને પાર કરી જશે. શ્રી શાહે જણાવ્યું હતું કે નાફેડનો ચોખ્ખો નફો ૧૩૯ કરોડથી વધીને ૪૦૫ કરોડ થયો છે અને તેની નેટવર્થ ૩૫૮ કરોડથી વધીને ૨,૦૫૦ કરોડ થઈ છે. તેમણે કહ્યું કે નાફેડ આજે એક મજબૂત, નાણાકીયરીતે સક્ષમ અને આત્મનિર્ભર સંસ્થા તરીકે ઉભરી આવ્યું છે. હવે નાફેડ અને NCCF માટે કઠોળ અને અન્ય પાકોના એક-એક દાણાની સંપૂર્ણ પારદર્શિતા સાથે સીધી ખેડૂતો પાસેથી ખરીદી કરવાનો, વચેટિયાઓના સમગ્ર નેટવર્કને નાબૂદ કરવાનો અને ખેડૂતોના હકનો નફો તેમના સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાનો સમય આવી ગયો છે. સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે નાફેડે તેના નફાના ૧% ભાગને ખેડૂત પરિવારોના બાળકોના ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીના વિકાસ માટેની સ્કોલરશિપ માટે અનામત રાખવાનો નિર્ણય કર્યો છે. આ વ્યવસ્થા ખેડૂતોના બાળકોને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં અને તેમની કારકિર્દી બનાવવામાં પડતી મુશ્કેલીઓને દૂર કરવામાં મદદ કરશે. પોતાના સંબોધનની શરૂઆતમાં, કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનસંઘના સ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીને તેમના બલિદાન દિવસ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શ્રી શાહે જણાવ્યું હતું કે આજના જ દિવસે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ "એક દેશ, એક બંધારણ, એક પ્રધાન" ના સિદ્ધાંતને સાકાર કરવા અને દેશને અખંડ રાખવા માટે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. તેમણે કહ્યું કે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની ગણના આ દેશના મહાન નેતાઓમાં થાય છે. તેમણે જીવનમાં ક્યારેય ખ્યાતિ માટે કંઈ નથી કર્યું, અને તેમણે જે કંઈ પણ કર્યું તેના દેશ માટે દૂરગામી અને સકારાત્મક પરિણામો આવ્યા. શ્રી શાહે જણાવ્યું હતું કે ભારતના ભાગલા સમયે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ બ્રિટિશરો સામે લડત આપી હતી અને પશ્ચિમ બંગાળ ભારત સાથે જ રહે તે સુનિશ્ચિત કર્યું હતું. આના કારણે જ પશ્ચિમ બંગાળ આજે પણ ભારતનો અભિન્ન ભાગ છે. ગૃહમંત્રીએ કહ્યું કે આઝાદી પછી કાશ્મીરમાં કલમ ૩૭૦ લાગુ કરવામાં આવી હતી, જેના કારણે કાશ્મીરનો અલગ ધ્વજ અને અલગ બંધારણ હતું. શ્રી શાહે કહ્યું કે આ વિચાર ભારતની એકતા અને અખંડિતતા માટે અત્યંત જોખમી હતો. તે સમયે, ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ એક આંદોલન શરૂ કરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે એક દેશમાં બે બંધારણ, બે ધ્વજ અને બે પ્રધાન ન હોઈ શકે. આ માટે તેમણે દિલ્હીથી કાશ્મીર સુધી કૂચ કરી અને જાહેરાત કરી કે કાશ્મીર ભારતનો જ એક ભાગ છે. તેમણે કાશ્મીરમાં પ્રવેશવા માટે કોઈ પરમિટ લેવાનો ઈનકાર કર્યો હતો, જેના કારણે શ્યામા પ્રસાદ મુખર્જીની ધરપકડ કરવામાં આવી હતી. કાશ્મીરની જેલમાં શંકાસ્પદ સંજોગોમાં ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીનું અવસાન થયું હતું. શ્રી શાહે જણાવ્યું હતું કે કાશ્મીરના મુદ્દે જ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ તે સમયની સરકારમાં ઉદ્યોગ મંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. ગૃહ મંત્રીએ કહ્યું કે આજે ડૉ. શ્યામા પ્રસાદજીનું સ્વપ્ન સાકાર થયું છે. કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી છે અને તેમણે સ્થાપેલી પાર્ટીની સરકાર બંગાળમાં ગંગોત્રીથી ગંગાસાગર સુધી સત્તા પર છે. તેમણે કહ્યું કે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને ભારતીય સંસ્કૃતિના પ્રખર હિમાયતી હતા.



વર્ષ ૨૦૧૪માં બંધ થવાના આરે પહોંચેલી NAFED આજે મોદી સરકાર હેઠળ ૫૦૦ કરોડના નફા સાથે ૭૪ લાખ ખેડૂતોની સેવા કરી રહી છે



# INCOIS દ્વારા ભારતના દરિયાઈ ક્ષેત્રોના રક્ષણ માટે વિશેષ અલ નિનો બુલેટિનની શરૂઆત

## INCOIS પ્રથમ અલ નિનો બુલેટિનમાં દરિયાઈ તાપમાનમાં વધારો અને મરીન સ્ટ્રેસ અંગે ચેતવણી આપી



### માનનીય સાંસદ શ્રી કોંડા વિશ્વેશ્વર રેડ્ડીએ દરિયાઈ ઓપરેટરો માટે ઇનકોઇસની પ્રથમ વિશેષ અલ નિનો એડવાઇઝરી જાહેર કરી

કમલમ્,

ઈનકોઈસ (INCOIS) દ્વારા દરિયાઈ ક્ષેત્રો (મેરિટાઈમ સેક્ટર્સ) પર વર્તમાન અલ નિનોની સંભવિત અસરો પર પ્રકાશ પાડવા માટે વિશેષ અલ નિનો બુલેટિન બહાર પાડવાનું શરૂ કરવામાં આવ્યું છે. ચેવેલ્લા મતવિસ્તારના માનનીય સંસદ સભ્ય શ્રી કોંડા વિશ્વેશ્વર રેડ્ડી ગારુ દ્વારા ૨૨ જૂન, ૨૦૨૬ ના રોજ ઈનકોઈસ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં પ્રથમ વિશેષ બુલેટિન બહાર પાડવામાં આવ્યું હતું. આ બુલેટિન પુષ્ટિ કરે છે કે અલ નિનોની સ્થિતિ સતત વિકસી રહી છે અને શિયાળાની ઋતુમાં (નવેમ્બર ૨૦૨૬ થી જાન્યુઆરી ૨૦૨૭) તે તેની ચરમસીમા પર પહોંચે તેવી અપેક્ષા છે. પરિણામે, હિંદ મહાસાગરમાં દરિયાની સપાટીનું તાપમાન એપ્રિલ/મે ૨૦૨૭ સુધી સામાન્ય કરતાં વધુ રહેશે. ઉત્તર હિંદ મહાસાગર (અરબી સમુદ્ર અને બંગાળની ખાડી બંને) માં દરિયાઈ જીવસૃષ્ટિ આગામી મહિનાઓમાં, ખાસ કરીને માર્ચ-મે ૨૦૨૭ દરમિયાન થર્મલ સ્ટ્રેસ (તાપમાનના તણાવ) હેઠળ રહેવાની સંભાવના છે. આના કારણે પરવાળાના ખડકો (કોરલ રીફ્સ) ના બ્લીચિંગમાં (રંગ ગુમાવવો) વધારો, દરિયાઈ હીટ વેવ્સની વધુ ઘટનાઓ અને માછલીઓનો જથ્થો યોગ્ય રહેઠાણો તરફ સ્થળાંતર થવાને કારણે અથવા નવી માછલીઓના ઉત્પાદનમાં ઘટાડો થવાને કારણે માછલી પકડવાના પ્રમાણમાં (ખાસ કરીને સારડીન અને મેકરેલ પ્રજાતિઓ) ઘટાડો થઈ શકે છે. વધુમાં, વિકસી રહેલા અલ નિનો સાથે સંબંધિત દરિયાઈ પર્યાવરણીય પરિસ્થિતિઓમાં ફેરફારને કારણે માછલીઓ ઈચ્છિત કદ સુધી પહોંચી શકશે નહીં. ચોમાસાની ઋતુ દરમિયાન બંગાળની ખાડીમાં દરિયાની સ્થિતિ ખરાબ રહેશે અને ભારતના પૂર્વીય કિનારે દરિયાકાંઠાના ધોવાણ અને પૂરની સંભાવનાઓ વધારે છે. સકારાત્મક બાબત એ છે કે, અરબી સમુદ્ર અને પશ્ચિમ કિનારે દરિયાની સ્થિતિ સામાન્ય કરતાં વધુ શાંત રહેવાની સંભાવના છે, જે વિવિધ દરિયાઈ ક્ષેત્રોની કામગીરી માટેના સમયગાળામાં વધારો કરી શકે છે. ચાલુ ચોમાસાની ઋતુ દરમિયાન પશ્ચિમ કિનારે દરિયાકાંઠાનું ધોવાણ અને પાણી ભરાવાની (ઈનન્ડેશન) શક્યતા ઓછી છે. ઈનકોઈસ તમામ દરિયાઈ ઓપરેટરોને સમય સમય પર ઈનકોઈસ દ્વારા જારી કરવામાં આવતી એલર્ટ, ચેતવણીઓ અને એડવાઈઝરીઓને નજીકથી અનુસરવાની સલાહ આપે છે. આગામી વિશેષ બુલેટિન જુલાઈ ૨૦૨૬ ના બીજા અઠવાડિયામાં જારી કરવામાં આવશે.

# "ભારતના રમતગમતના નકશા પર કેરલમ એક વિશેષ સ્થાન ધરાવે છે": તિરુવનંતપુરમમાં ૨૦૨૬ આઈચી-નાગોયા એશિયન ગેમ્સ ફન રનમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા

## કેરલમના ૧૧૫ એથ્લેટ્સ ખેલો ઈન્ડિયા કાર્યક્રમનો ભાગ છે, જેઓ ભારતના ભાવિ ચેમ્પિયન બનવા માટે તાલીમ લઈ રહ્યા છે": ડો. માંડવિયાએ ઐતિહાસિક એશિયન ગેમ્સ ફન રનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું



### "પીએમ મોદીએ વર્ષ ૨૦૩૬ સુધીમાં ભારતને ટોચના ૧૦ રમતગમત દેશોમાં અને ૨૦૪૭ સુધીમાં ટોચના ૫ દેશોમાં સામેલ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે": કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયા






## "એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ભારતના પ્રદર્શન અને પોડિયમ ફિનિશ (મેડલ જીતવા) માં કેરલમના એથ્લેટ્સની મોટી ભૂમિકા હશે": ડો. મનસુખ માંડવિયા

કમલમ્,

ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયાની "એશિયન ગેમ્સ ફોર ઓલ" પહેલ હેઠળ ભારતે આજે તિરુવનંતપુરમ, કેરલમ ખાતે સૌપ્રથમવાર ૨૦૨૬ આઈચી-નાગોયા એશિયન ગેમ્સ ફન રનનું આયોજન કર્યું હતું, જેમાં ૪૦,૦૦૦થી વધુ સહભાગીઓએ જોડાઈને ઈતિહાસ રચ્યો હતો. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કેરલમના માનનીય રાજ્યપાલ શ્રી રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર, કેરલમના માનનીય મુખ્યમંત્રી શ્રી વી. ડી. સતીશન, વિરોધ પક્ષના નેતા શ્રી પિનારાયી વિજયન, ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ સુશ્રી પી. ટી. ઉષા, કેરલમના માનનીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી શ્રી ઓ. જે. જનીશ કુમાર અને અન્ય પ્રતિષ્ઠિત અતિથિઓની ઉપસ્થિતિમાં યુનિવર્સિટી સ્ટેડિયમ ખાતે આ ઐતિહાસિક કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. સભાને સંબોધતા ડૉ. માંડવિયાએ આ કાર્યક્રમના આયોજનમાં સામેલ ભારતીય ઓલિમ્પિક સંઘ, કેરલમ ઓલિમ્પિક સંઘ અને તમામ હિસ્સેદારોને અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યની રમતગમત સંસ્કૃતિ અને જનભાગીદારીની પ્રશંસા કરતા તેમણે નોંધ્યું હતું કે, "ભારતના રમતગમતના નકશા પર કેરલમ એક વિશેષ સ્થાન ધરાવે છે. રમતગમત પ્રત્યેનો તેનો જુસ્સો માત્ર તેના ચેમ્પિયનોમાં જ નહીં પરંતુ ત્યાંના લોકોમાં પણ દેખાય છે." રાજ્યમાં એથ્લેટ્સ વિકાસ કાર્યક્રમોની અસર પર પ્રકાશ પાડતા મંત્રીએ જણાવ્યું હતું કે, "આજે કેરલમના ૧૧૫ એથ્લેટ્સ, જેમાં ૬૯ મહિલા એથ્લેટ્સનો સમાવેશ થાય છે, તેઓ ખેલો ઈન્ડિયા કાર્યક્રમનો ભાગ છે અને ભારતના ભાવિ ચેમ્પિયન બનવા માટે તાલીમ મેળવી રહ્યા છે. આ ઉપરાંત, કેરલમના ૧૭ એથ્લેટ્સ ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS) નો ભાગ છે, જેઓ વિશ્વ કક્ષાની તાલીમ મેળવી રહ્યા છે." આ ફન રનમાં કેરલમની શૈક્ષણિક સંસ્થાઓ, રમતગમત મંડળો અને નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ઈન્ડિયન આર્મી બેન્ડ દ્વારા પ્રદર્શન, ઝુમ્બા સત્રો, બોડી બિલ્ડિંગ પ્રદર્શન અને યોગ તેમજ જિમ્નાસ્ટિક્સના એથ્લેટ્સ દ્વારા ડેમોન્સ્ટ્રેશન કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા હતા. ભારતની રમતગમતની આકાંક્ષાઓ વિશે વાત કરતા ડૉ. માંડવિયાએ કહ્યું કે, "ભારતને વર્ષ ૨૦૩૦ માં કોમનવેલ્થ ગેમ્સની યજમાનીના અધિકારો મળ્યા છે. અમે ભારતમાં વર્ષ ૨૦૩૬ ની ઓલિમ્પિક ગેમ્સની યજમાની માટે પણ દાવેદારી (બિડ) નોંધાવી છે. પીએમ મોદીએ ભારતને વર્ષ ૨૦૩૬ સુધીમાં વિશ્વના ટોચના ૧૦ રમતગમતના દેશોમાં અને જ્યારે આપણે આપણી આઝાદીના ૧૦૦ વર્ષની ઉજવણી કરીશું તેવા વર્ષ ૨૦૪૭ સુધીમાં ટોચના ૫ દેશોમાં સામેલ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે." આગામી એશિયન ગેમ્સમાં ભારતના પ્રદર્શન અંગે વિશ્વાસ વ્યક્ત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, "મને પૂરો વિશ્વાસ છે કે જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ ૨૦૨૬ માં આપણે એક નવો રેકોર્ડ સ્થાપિત કરીશું. મને એવો જ વિશ્વાસ છે કે દેશના પ્રદર્શન અને પોડિયમ ફિનિશમાં કેરલમના એથ્લેટ્સ મુખ્ય ભૂમિકા ભજવશે." ફન રન બાદ, એક હજારથી વધુ બાળકો અને યુવાનોની ભાગીદારી સાથે રોલર સ્કેટર, ઈલેક્ટ્રિક સ્કૂટર અને બુલેટ મોટરસાયકલ ધરાવતી એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સેન્ટ્રલ સ્ટેડિયમ ખાતે રંગારંગ સમાપન સમારોહ સાથે આ ઉજવણીનું સમાપન થયું હતું. આ ઐતિહાસિક કાર્યક્રમે રાજધાની શહેરને રમતગમતની ભાવના, ફિટનેસ, યુવા જોડાણ અને સામુદાયિક ભાગીદારીની જીવંત ઉજવણીમાં ફેરવી દીધું હતું, જેમાં વિદ્યાર્થીઓ, એથ્લેટ્સ, કોચ, એનસીસી કેડેટ્સ, એનએસએસ સ્વયંસેવકો, સશસ્ત્ર દળોના જવાનો, કેરલમ પોલીસ, આબકારી વિભાગના કર્મચારીઓ અને સામાન્ય જનતા એકસાથે આવ્યા હતા. ૨૦૨૬ આઈચી-નાગોયા એશિયન ગેમ્સ ફન રનનું સફળ સંચાલન રમતગમતના અગ્રણી રાજ્ય તરીકે કેરલમના સ્થાનને પુનઃપુષ્ટ કરે છે અને રમતગમત, યુવા જોડાણ તેમજ ઓલિમ્પિક ચળવળના મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે સરકારો, રમતગમત સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને નાગરિકોની સામૂહિક પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## તંત્રી સ્થાનેથી......

ભારત સરકારે ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ (EBP) અંગે સોશિયલ મીડિયા પર પ્રસારિત થઈ રહેલા કેટલાક ભ્રામક અને અપ્રમાણિત દાવાઓની નોંધ લીધી છે, જેનો ઉદ્દેશ્ય જનતાને મૂંઝવણમાં મૂકવાનો અને ગુમરાહ કરવાનો હોય તેવું જણાય છે. એવું પણ જોવામાં આવ્યું છે કે સનસનાટી મચાવીને વ્યુઅરશિપ મેળવવા અને ઈથેનોલ-મિશ્રિત બળતણ અંગે બિનજરૂરી ચિંતાઓ ઊભી કરવાના સ્પષ્ટ પ્રયાસમાં જૂની છબીઓ અને વીડિયો ફરીથી પ્રસારિત કરવામાં આવી રહ્યા છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દોહરાવે છે કે ઈથેનોલ બ્લેન્ડિંગ કાર્યક્રમ વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત છે અને સરકાર દ્વારા તેનું સતત નિરીક્ષણ કરવામાં આવે છે. ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવા, ઊર્જા સુરક્ષા વધારવા અને પર્યાવરણીય ટકાઉપણાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યો સાથે વર્ષ ૨૦૦૩માં ઈથેનોલ બ્લેન્ડિંગ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ તકનીકી સજ્જતા અને હિસ્સેદારોની પરામર્શના આધારે તબક્કાવાર રીતે અમલમાં મૂકવામાં આવ્યો છે, જે વર્ષ ૨૦૨૩ થી આગળ ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણ (E20) ના રોલઆઉટમાં પરિણમ્યો છે. સરકાર ઓઈલ માર્કેટિંગ કંપનીઓ, ઓટોમોબાઈલ ઉત્પાદકો, ફ્યુઅલ ટેસ્ટિંગ એજન્સીઓ અને અન્ય હિસ્સેદારો સાથે પરામર્શ કરીને ઈથેનોલ બ્લેન્ડિંગ કાર્યક્રમના અમલીકરણ પર સતત દેખરેખ રાખે છે. E20 પેટ્રોલની રજૂઆત પછી, ઈથેનોલ મિશ્રણને કારણે એન્જિન ફેલ થવા અથવા વાહન ખોટવાઈ જવા (બ્રેકડાઉન)ની કોઈ વ્યાપક સમસ્યાઓ નોંધાઈ નથી. હાલમાં પ્રસારિત થઈ રહેલો એક દાવો ઈથેનોલના હાઈગ્રોસ્કોપિક પ્રકૃતિ (ભેજ શોષવાના ગુણધર્મ) સાથે સંબંધિત છે. આ સામાન્ય જ્ઞાનની બાબત છે કે બળતણની ટાંકીમાં પાણીનો પ્રવેશ કોઈપણ બળતણ માટે અનિચ્છનીય છે, પછી ભલે તે ઈથેનોલ મિશ્રિત હોય કે અન્ય કોઈ. આધુનિક વાહનો ઈંધણની ટાંકીમાં પાણીના પ્રવેશને રોકવા માટે ડિઝાઈન સુવિધાઓ અને સલામતીના ઉપાયોથી સજ્જ હોય છે. એવું પણ જોવામાં આવ્યું છે કે કેટલાક ચોક્કસ વ્યક્તિઓ સોશિયલ મીડિયા પર વીડિયો બનાવીને શેર કરી રહ્યા છે જેમાં શેરડીના રસને સીધો પેટ્રોલમાં ભેળવવામાં આવતો હોવાનું ખોટી રીતે દર્શાવવામાં આવી રહ્યું છે. આવી સામગ્રી ભ્રામક અને પાયાવિહોણી છે. બળતણ મિશ્રણ માટે વપરાતું ઈથેનોલ સ્થાપિત ઔદ્યોગિક પ્રક્રિયાઓ દ્વારા ઉત્પાદિત થાય છે અને પેટ્રોલમાં ભેળવતાં પહેલાં કડક ગુણવત્તાના વિશિષ્ટતાઓને અનુરૂપ હોય છે. ઈથેનોલ શેરડીનો રસ, મોલાસીસ (કાકવી), તૂટેલા ચોખા અને મકાઈ જેવા વિવિધ ફીડસ્ટોક્સ (કાચો માલ) માંથી બનાવવામાં આવે છે, પરંતુ ઈથેનોલના ગુણધર્મો ઈનપુટ ફીડસ્ટોક કરતાં તદન અલગ હોય છે કારણ કે તે આથો લાવવા (ફર્મેન્ટેશન) સહિતની શ્રેણીબદ્ધ પ્રક્રિયાઓમાંથી પસાર થાય છે, જે ફીડસ્ટોક્સમાં હાજર શર્કરાને આથો તરફ દોરી જાય છે. આવા વીડિયોના પ્રસારણનો ઉદ્દેશ્ય આ મુદ્દાને સનસનાટીભર્યો બનાવવાનો અને તેમની વ્યુઅરશિપ વધારવાનો હોય તેમ જણાય છે. ભારતમાં ઈથેનોલ-મિશ્રણ કડક બળતણ ગુણવત્તા વિશિષ્ટતાઓને અનુરૂપ છે અને ઉપયોગમાં લેવાતા પહેલાં કડક પરીક્ષણમાંથી પસાર થાય છે. ઉચ્ચ મિશ્રણ સ્તરોનું રોલઆઉટ વ્યાપક તકનીકી મૂલ્યાંકન અને ઓટોમોબાઈલ ઉત્પાદકો તેમજ અન્ય હિસ્સેદારો સાથે પરામર્શ કર્યા પછી જ હાથ ધરવામાં આવ્યું છે. તાજેતરમાં, એક વાહનની ઈંધણ ટાંકીની નજીક કીડીઓ દર્શાવતો વીડિયો સોશિયલ મીડિયા પર વ્યાપકપણે પ્રસારિત થયો હતો. તેના જવાબમાં, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) એ સ્પષ્ટ કર્યું કે પેટ્રોલ મિશ્રણ માટે વપરાતા ફ્યુઅલ-ગ્રેડ ઈથેનોલનું ઉત્પાદન આથો અને નિસ્યંદન (ડિસ્ટિલેશન) પ્રક્રિયાઓ દ્વારા કરવામાં આવે છે જે અંતિમ ઉત્પાદનમાંથી બચેલી શર્કરાને દૂર કરે છે. વધુમાં, ફ્યુઅલ ઈથેનોલમાં એવા વિકર્ષકો (ડિનેચ્યુરન્ટ્સ) હોય છે જે જંતુઓને દૂર રાખે છે. E20 ઈંધણ સાથે સંકળાયેલું એવું કોઈ ઓળખી શકાય તેવું આકર્ષણ નથી જે કીડીઓ અથવા અન્ય જંતુઓને વાહનના ફ્યુઅલ કેપ (ટાંકીના ઢાંકણ) ની આસપાસ એકઠા થવાનું કારણ બને. તેથી, E20 ઈંધણ અને કીડીઓના આકર્ષણ વચ્ચેની કડી દર્શાવતા દાવાઓનો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી અને તે વૈજ્ઞાનિક પુરાવાઓ દ્વારા સમર્થિત નથી. તે જ રીતે, E20 ઈંધણનો ઉપયોગ વાહન વીમાની માન્યતાને અસર કરી શકે છે તેવા સૂચન કરતા બહુવિધ દાવાઓ સંબંધિત હિસ્સેદારો દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યા હતા અને તે ખોટા હોવાનું માલૂમ પડ્યું હતું. ઈથેનોલ બ્લેન્ડિંગ એ વૈશ્વિક સ્તરે સ્વીકૃત પ્રથા છે અને યુનાઈટેડ સ્ટેટ્સ, બ્રાઝિલ અને જાપાન સહિતના કેટલાક દેશોમાં સફળતાપૂર્વક લાગુ કરવામાં આવી છે.



કમલમ્, બારડોલી

મહાનશિક્ષણવિદ, દીઘર્દ્રષ્ટા, ચિંતક, ભારતીય જનસંઘના સંસ્થાપક આપણા સર્વના પ્રેરણાસોત્ર ડો. શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિત્તે બારડોલી ના ધારાસભ્ય શ્રી ઇશ્વરભાઇ પરમારજીના જનસંપર્ક કાર્યલય ખાતે સ્મરણાંજલિ અર્પણ કરી, આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ઇશ્વરભાઇ પરમાર, બારડોલી નગર સંગઠન પ્રમુખશ્રી અનંત ભાઈ જૈન, મહામંત્રી નિસર્ગ ભાઈ મહેતા ,મુકેશ ભાઈ પટેલ, બારડોલી નગર પાલિકા પ્રમુખ નિલમ બેન વ્યાસ તથા ના હોદ્દેદારશ્રીઓ તેમજ ચૂંટાયેલા સભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.



કમલમ્, બારડોલી

મહાન શિક્ષણવિદ, દીઘર્દ્રષ્ટા, ચિંતક, ભારતીય જનસંઘના સંસ્થાપક આપણા સર્વના પ્રેરણાસોત્ર ડો. શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિત્તે સુરત જિલ્લા ભાજપ કાર્યલય ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવા મા આવી હતી. આ કાર્યક્રમમાં સુરત જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ, મહામંત્રી શ્રી રોહિત ભાઈ પટેલ , અંકુરભાઈ દેસાઈ ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ જી, સંગઠન ના હોદ્દેદારશ્રીઓ, આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

દક્ષિણ ગુજરાતના પશુપાલકોના વિશ્વાસનું પ્રતિક, સમગ્ર ગુજરાત તેમજ ભારતમાં શ્વેત ક્રાંતિ લાવવામાં અમૂલ્ય યોગદાન પ્રદાન કરનાર "સુમુલ ડેરી" ના નિયામક મંડળની સામાન્ય ચૂંટણી - ૨૦૨૬માં ભારતીય જનતા પાર્ટી અધિકૃત ઉમેદવારોની બેઠક સુરત જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં સુરત જિલ્લા ભાજપના પ્રભારી અને ગુજરાત પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ શ્રી ગૌતમભાઈ ગેડીયા, જીલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ, મહામંત્રી , શ્રી રોહિતભાઈ પટેલ શ્રી અંકુરભાઈ દેસાઈ ,તાપી જિલ્લાના પ્રમુખ સુરજભાઈ વસાવા, ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોકની, રાજેશ ભાઈ પાઠક, સંદીપ ભાઈ દેસાઈ તથા ભારતીય જનતા પાર્ટી સમર્થિત તમામ ઉમેદવારો અને અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આઈઈપીએફએ (IEPFA) એ "આપકી પૂંજી આપકા અધિકાર - લર્નિંગ એન્ડ વે ફોરવર્ડ" પર પેનલ ચર્ચાનું આયોજન કર્યું

કમલમ્,

ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય હેઠળની ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (IEPFA) એ ૨૨ જૂન, ૨૦૨૬ ના રોજ નવી દિલ્હીના ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર, સમરસતા ઓડિટોરિયમ ખાતે "આપકી પૂંજી આપકા અધિકાર - લર્નિંગ એન્ડ વે ફોરવર્ડ" પર એક પેનલ ચર્ચાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ નીતિ નિર્માતાઓ, નિયમનકારો, નિષ્ણાતો અને રોકાણકાર જાગૃતિના હિમાયતીઓને રોકાણકારોના અધિકારોને મજબૂત કરવા, દાવો ન કરાયેલ (અનક્લેઈમ્ડ) નાણાકીય અસ્કયામતો (સંપત્તિ) ની પુનઃપ્રાપ્તિને સરળ બનાવવા અને વધુ સર્વસમાવેશી નાણાકીય ઈકોસિસ્ટમ માટે આગળનો માર્ગ તૈયાર કરવા પર વિચાર-વિમર્શ કરવા માટે એક મંચ પર લાવ્યો હતો. આઈઈપીએફએ (IEPFA) ના અધ્યક્ષ અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સચિવ સુશ્રી દીપ્તિ ગૌર મુખર્જી દ્વારા અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવોની સાથે "ક્લેઈમિંગ ધ અનક્લેઈમ્ડ: અનલોકિંગ ધ પોટેન્શિયલ ઓફ આઈડલ ફાઈનાન્સિયલ એસેટ્સ ઈન ઈન્ડિયા" નામની એક પબ્લિકેશન (પુસ્તક/પ્રકાશન) નું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તક રોકાણકાર સુરક્ષા અને નાણાકીય સમાવેશ પર રાષ્ટ્રીય ચર્ચામાં યોગદાન આપવાની સાથે સાથે નીતિ નિર્માતાઓ, સંશોધકો, નાણાકીય સંસ્થાઓ અને રોકાણકારો માટે એક વ્યાપક જ્ઞાન સંસાધન તરીકે સેવા આપવાના ઉદ્દેશ્યથી તૈયાર કરાયું છે. "આપકી પૂંજી આપકા અધિકાર - લર્નિંગ એન્ડ વે ફોરવર્ડ" પરની પેનલ ચર્ચામાં અનક્લેઈમ્ડ (દાવો ન કરાયેલી) અસ્ક્યામતો વિશે જાગૃતિ લાવવા, દાવાની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને હિસ્સેદારોના સહયોગને મજબૂત કરવાના મુખ્ય પડકારો અને તકોની શોધ કરવામાં આવી હતી. આ ચર્ચામાં નિયમનકારો, નાણાકીય સંસ્થાઓ અને રોકાણકાર સુરક્ષા એજન્સીઓ વચ્ચે વધુ પહોંચ, ટેકનોલોજી આધારિત ઉકેલો અને સંકલિત પ્રયાસોની જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઓથોરિટીનું વિઝન અને ચાલુ સુધારાઓ શેર કરતા, આઈઈપીએફએ (IEPFA) ના સીઈઓ (CEO) અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સંયુક્ત સચિવ સુશ્રી અનિતા શાહ અકેલાએ દાવા પતાવટ (ક્લેમ સેટલમેન્ટ) પ્રક્રિયાઓને સરળ બનાવવા, ડિજિટલ પ્લેટફોર્મને મજબૂત કરવા અને દેશભરમાં રોકાણકાર જાગૃતિ પહેલને વિસ્તારવા માટે IEPFA ના સતત પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે રોકાણકારો અને તેમના પરિવારો વધુ સરળતા અને પારદર્શિતા સાથે તેમની હકની અસ્કયામતો પાછી મેળવી શકે તે સુનિશ્ચિત કરવા માટે ઓથોરિટીની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. મુખ્ય સંબોધન આપતાં, આઈઈપીએફએ (IEPFA) ના અધ્યક્ષ અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સચિવ સુશ્રી દીપ્તિ ગૌર મુખર્જીએ નાણાકીય સમાવેશ અને આર્થિક વૃદ્ધિના પાયા તરીકે રોકાણકારોના સશક્તિકરણના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે દાવો ન કરાયેલ અસ્કયામતો તેમના સાચા માલિકોને કાર્યક્ષમ રીતે પરત મળે તે સુનિશ્ચિત કરવા માટે સતત જાગૃતિ અભિયાનો અને નાગરિક-કેન્દ્રીય સુધારાઓની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો. તેમના વિશેષ સંબોધનમાં, નાણાકીય સેવા વિભાગના ભૂતપૂર્વ સચિવ શ્રી એમ. નાગરાજુએ નાણાકીય શાસનને મજબૂત કરવા અને વિવિધ ક્ષેત્રોમાં દાવો ન કરાયેલ અસ્કયામતોના મુદ્દાને ઉકેલવા માટે મજબૂત સિસ્ટમ બનાવવા અંગેના મૂલ્યવાન વિચારો શેર કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન થયેલા વિચાર વિમર્શથી રોકાણકારોની જાગૃતિ વધારવા, નાણાકીય અસ્કયામતો સુધી પહોંચ સુધારવા, નાણાકીય સંસ્થાઓમાં



વિશ્વાસ મજબૂત કરવા અને સૌના માટે નાણાકીય સમાવેશના સહિયારા લક્ષ્યને આગળ વધારવા માટે તમામ હિસ્સેદારોની સામૂહિક પ્રતિબદ્ધતાને પુનઃસમર્થન મળ્યું હતું. સમગ્ર દેશમાં ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડનું સંચાલન કરવા માટે ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય હેઠળ આઈઈપીએફએ (IEPFA) ની સ્થાપના કરવામાં આવી હતી. આ ઓથોરિટીને ફંડમાં ટ્રાન્સફર કરાયેલા શેર્સ, દાવો ન કરાયેલ ડિવિડન્ડ, પાકતી મુદતની થાપણો અને ડિબેન્ચર્સના રિફંડની સુવિધા આપીને રોકાણકારોના હિતોનું રક્ષણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

# બારડોલી સર્કિટ હાઉસ ખાતે જનજાતિ સુરક્ષા મંચની પત્રકાર પરિષદ

**જનજાતીય અસ્મિતા અને બંધારણીય અધિકારોના રક્ષણ માટે રાષ્ટ્રીય સ્તરે ઉઠ્યો અવાજ**




**લાલ કિલ્લા ખાતે યોજાયેલા 'જનજાતિ સમાગમ–૨૦૨૬'ની માહિતી રજૂ કરાઈ – પરંપરાગત આસ્થા, સંસ્કૃતિ અને જનજાતીય ઓળખના સંરક્ષણ માટે કાનૂની સ્પષ્ટતાની માંગ**

કમલમ્,

સુરત જિલ્લાના બારડોલી ખાતે આવેલા સર્કિટ હાઉસમાં બારડોલીના સાંસદ પરભુભાઈ વસાવાની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં જનજાતિ સુરક્ષા મંચ, ગુજરાત દ્વારા તાજેતરમાં દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા મેદાન ખાતે યોજાયેલા 'જનજાતિ સમાગમ–૨૦૨૬'ના હેતુ, સંદેશ અને રજૂ કરવામાં આવેલી માંગણીઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. મંચના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે આયોજિત આ સમાગમમાં દેશભરના અનેક જનજાતીય સમુદાયોના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. પરંપરાગત વેશભૂષા, લોકનૃત્ય, લોકવાદ્યો અને સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ દ્વારા જનજાતીય સમાજની આગવી ઓળખ અને વારસાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જનજાતીય સમાજની આસ્થા, સંસ્કૃતિ, જળ-જંગલ-જમીન સાથેના સંબંધ અને જીવનશૈલીને ભારતની સાંસ્કૃતિક પરંપરાનો અભિન્ન ભાગ ગણાવવામાં આવ્યા હતા. પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે જનજાતીય સમાજ માત્ર પ્રકૃતિનો સંરક્ષક જ નહીં પરંતુ ટકાઉ વિકાસ અને સામાજિક સંતુલન માટેનું પ્રેરણાદાયી મોડેલ પણ છે. પત્રકાર પરિષદમાં જનજાતિ સુરક્ષા મંચ દ્વારા લાંબા સમયથી ઉઠાવવામાં આવતી કેટલીક બંધારણીય અને કાનૂની માંગણીઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અનુસૂચિત જનજાતિની સ્પષ્ટ કાનૂની વ્યાખ્યા નક્કી કરવા, સંબંધિત જોગવાઈઓમાં જરૂરી સ્પષ્ટતા કરવા તેમજ જનજાતીય સમુદાયોની સાંસ્કૃતિક ઓળખ અને અધિકારોના સંરક્ષણ માટે અસરકારક વ્યવસ્થા ઉભી કરવાની માંગનો સમાવેશ થયો હતો.

આ ઉપરાંત મંચે વર્ષોથી વિવિધ અભિયાન, સહી અભિયાન, જનજાગૃતિ કાર્યક્રમો અને લોકપ્રતિનિધિઓ સાથેના સંવાદ દ્વારા આ મુદ્દાને સતત આગળ ધપાવવામાં આવી રહ્યો હોવાનું જણાવ્યું હતું. પત્રકાર પરિષદના અંતે જનજાતીય સમાજની સાંસ્કૃતિક અસ્મિતા, પરંપરાગત મૂલ્યો અને બંધારણીય અધિકારોના સંરક્ષણ માટે રાષ્ટ્રીય સ્તરે ચર્ચા અને જરૂરી પગલાં ભરવાની માંગ સાથે સંદેશ આપવામાં આવ્યો હતો.







કમલમ્,

સરસ્વતી તાલુકાની રવિયાણા પ્રાથમિક શાળા ખાતે ૨૪મો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬ અંતર્ગત ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી. તેમજ વૃક્ષારોપણ કર્યું. શિક્ષણ એ વિકાસનો મજબૂત પાયો છે. નવા શૈક્ષણિક જીવનની શરૂઆત કરનાર તમામ વિદ્યાર્થીઓ પર માઁ સરસ્વતીના આશીર્વાદ સદાય વરસતા રહે અને તેઓ જીવનમાં ઉચ્ચ શિખરો સર કરે તેવી શુભકામનાઓ પાઠવી. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પ્રેરણા અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીના માર્ગદર્શન હેઠળ રાજ્યનો દરેક બાળક શિક્ષણ સાથે જોડાય અને પોતાના જીવનમાં સફળતાના નવા શિખરો સર કરે તેવા પ્રયાસો સતત થઈ રહ્યા છે. આ પ્રસંગે શ્રી પ્રહલાદજી ઠાકોર, શ્રી લાલજીભાઈ દેસાઈ, શ્રી ગીરીશભાઈ મોદી, શ્રી ભરતજી ઠાકોર, શ્રી રમેશજી ઠાકોર, શ્રી રમેશભાઈ દેસાઈ, શ્રી કેતનભાઇ પ્રજાપતિ, ડો હસુમતીબેન પરમાર, શ્રી રાહુલજી ઠાકોર, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી બીરેનકુમાર વ્યાસ, ચેતનાબા રાજપુત, પ્રહલાદજી ઠાકોર, શ્રી મહેશભાઈ દેસાઈ, શ્રી નટુભાઈ દેસાઈ, શ્રી સોરાબજી ઠાકોર, સરપંચશ્રી, આચાયશ્રી, શિક્ષકો, સ્ટાફ મિત્રો, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.







કમલમ્,

વાસણી ગામે રૂ. ૧૭લાખના ખર્ચે નિર્માણ પામેલ નવીન પંચાયત ઘરનું લોકાર્પણ ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ગ્રામજનોની ઉપસ્થિતિમાં ગામના સર્વાંગી વિકાસ અને સુવિધાઓના વિસ્તરણ માટે સરકારની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો. નવીન પંચાયત ઘર ગ્રામજનોને વિવિધ વહીવટી અને જાહેર સેવાઓ એક જ સ્થળે સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ સુવિધાથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના કાર્યમાં વધુ પારદર્શિતા, કાર્યક્ષમતા અને જનસહભાગિતા વધશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન તથા માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગ્રામ વિકાસના અનેક કાર્યો રાજ્યભરમાં ઝડપથી આગળ વધી રહ્યા છે. ગામડાંઓને આધુનિક સુવિધાઓથી સજ્જ બનાવી આત્મનિર્ભર અને સમૃદ્ધ બનાવવાના સંકલ્પ સાથે વિકાસયાત્રા સતત આગળ વધી રહી છે. આ પ્રસંગે શ્રી પ્રહલાદજી ઠાકોર કારોબારી ચેરમેન, શ્રી અશોકભાઈ પટેલ પ્રભારી, શ્રી ગીરીશભાઈ મોદી સરસ્વતી તાલુકા ભાજપ પ્રમુખ, શ્રી બળદેવજી ઠાકોર સરસ્વતી તાલુકા ભાજપ મહામંત્રી, શ્રી જશુભાઈ પટેલ ડિરેક્ટર, શ્રી ભરતજી ઠાકોર જીલ્લા ભાજપ યુવા મોરચા મહામંત્રી, શ્રી ચેતનાબા રાજપૂત જીલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ, શ્રી રેખાબેન દેસાઈ સરસ્વતી તાલુકા ભાજપ મંત્રી, સરપંચશ્રી જ્યંતિજી ઠાકોર, શ્રી દશરથજી રાજપૂત, શ્રી કાનજીભાઈ દેસાઈ, પીઆઈ શ્રી દેસાઈ, પીએસઆઈ શ્રી બોડાણાજી તેમજ ગામના ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.





કમલમ્,

સરસ્વતી તાલુકાની સામાન્ય વિદ્યાલય, કોઇટા ખાતે યોજાયેલા ૨૪મા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી તેમના શૈક્ષણિક જીવનની શુભ શરૂઆત કરાવી. આ પ્રસંગે વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપ્યો. શાળા પ્રવેશોત્સવ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ શિક્ષણ પ્રત્યેની સમાજની પ્રતિબદ્ધતાનો ઉત્સવ છે. બાળકોમાં જ્ઞાન, સંસ્કાર અને આત્મવિશ્વાસનું સિંચન થાય તેમજ તેઓ પોતાના સપનાઓને સાકાર કરી રાષ્ટ્રના જવાબદાર નાગરિક બને તે માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. નવા શૈક્ષણિક પ્રવાસની શરૂઆત કરનાર તમમ વિદ્યાર્થીઓ પર મા સરસ્વતીની કૃપા સદાય વરસતી રહે તેવી પ્રાર્થના.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પ્રેરણા અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં શિક્ષણને જનઆંદોલનનું સ્વરૂપ મળ્યું છે. રાજ્યનો દરેક બાળક ગુણવત્તાસભર શિક્ષણ સાથે જોડાય, દીકરીઓ શિક્ષણ ક્ષેત્રે આગળ વધે અને વિકસિત ગુજરાતના નિર્માણમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે તે દિશામાં સરકાર સતત કાર્યરત છે. આ પ્રસંગે શ્રી પ્રહલાદજી ઠાકોર, શ્રી લાલજીભાઈ દેસાઈ , શ્રી ગીરીશભાઈ મોદી, રફિકભાઈ, તૌફીકભાઈ, શ્રી કેતનભાઇ પ્રજાપતિ, હસુમતીબેન પરમાર, શ્રી રમેશજી ઠાકોર, શ્રી રમેશભાઈ દેસાઈ, ચેતનાબા રાજપૂત, શ્રી બલદેવજી ઠાકોર, શ્રી રાહુલજી ઠાકોર, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી ભરતજી ઠાકોર, શ્રી રાકેશભાઈ, સરપંચશ્રી, આચાયશ્રી, શિક્ષકો, સ્ટાફ મિત્રો, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# પંચાયતો દ્વારા નાગરિક-કેન્દ્રિત સેવા વિતરણ વધારવા માટે MoPRએ પ્રાદેશિક કાર્યશાળાનું આયોજન કર્યું

**શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ગ્રામ પંચાયતો અને ગ્રામ્ય સ્તરના ઉદ્યોગસાહસિકોને પાયાના સ્તરે સેવા વિતરણમાં શ્રેષ્ઠતા માટે સન્માનિત કરાયું**



કમલમ્,

પંચાયતી રાજ મંત્રાલય (MoPR), ભારત સરકાર દ્વારા આજે શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર (SKICC), શ્રીનગર, જમ્મુ અને કાશ્મીર ખાતે 'સેવા સે સમૃદ્ધિઃ પંચાયતની આગેવાની હેઠળના સેવા વિતરણ' પર પ્રાદેશિક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાનું ઉદ્ઘાટન જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી મનોજ સિંહા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં જમ્મુ અને કાશ્મીર સરકારના ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી શ્રી જાવેદ અહમદ ડાર; પંચાયતી રાજ મંત્રાલયના સચિવ શ્રી વિવેક ભારદ્વાજ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોમન સર્વિસીસ સેન્ટર સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (CSC-SPV), ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય અને જમ્મુ-કાશ્મીર સરકારના ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ વિભાગના સહયોગથી આયોજિત આ કાર્યશાળામાં ૭ રાજ્યો, એટલે કે હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, કર્ણાટક, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશના પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પદાધિકારીઓ, વિલેજ લેવલ એન્ટરપ્રિન્યોર્સ (VLEs) અને વરિષ્ઠ અધિકારીઓ એકત્રિત થયા હતા. સભાને સંબોધતા જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી મનોજ સિંહાએ જણાવ્યું હતું કે પંચાયતી રાજ સંસ્થાઓ (PRIs) પાયાના સ્તરના વિકાસ, નાગરિક-કેન્દ્રીય શાસન અને સર્વસમાવેશી વિકાસ માટે શક્તિશાળી સાધનો તરીકે ઉભરી આવી છે. તેમણે ફંડ્સ, કાર્યો અને પદાધિકારીઓના અસરકારક વિકેન્દ્રીકરણ, સહભાગી આયોજન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના વધુ સશક્તિકરણ દ્વારા જમ્મુ-કાશ્મીરમા PRIsના મજબૂતીકરણ પર પ્રકાશ પાડ્યો હતો. શાસનમાં ટેકનોલોજીની પરિવર્તનકારી ભૂમિકા પર ભાર મૂકતા શ્રી સિંહાએ જણાવ્યું હતુ કે જમ્મુ અને કાશ્મીરે વહીવટીતંત્રના "પીપલ ફર્સ્ટ" અભિગમ હેઠળ ડિજિટલ સેવા વિતરણમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમણે નોંધ્યું હતું કે ઓનલાઈન જાહેર સેવાઓ વર્ષ ૨૦૨૦માં માત્ર થોડી ડઝનથી વધીને ૧,૧૦૦થી વધુ સેવાઓ સુધી વિસ્તરી છે, જ્યારે ૯૮ ટકાથી વધુ પંચાયતો હવે ડિજિટલી જોડાયેલી છે, જે પારદર્શિતા, જવાબદારી, કાર્યક્ષમતા અને અંતિમ છેડા સુધી સેવા વિતરણમાં વધારો કરે છે. શ્રી સિંહાએ જણાવ્યું હતું કે સુશાસન એ સેવાઓના અસરકારક વિતરણ અને નાગરિકોની આકાંક્ષાઓ પ્રત્યે સંસ્થાઓની પ્રતિભાવશીલતામાં પ્રતિબિંબિત થાય છે. તેમણે 'બેક ટુ વિલેજ' અને 'બ્લોક દિવસ' જેવી પહેલો પર પ્રકાશ પાડ્યો હતો, જેણે જાહેર ભાગીદારીને મજબૂત બનાવી છે, ફરિયાદ નિવારણમાં સુધારો કર્યો છે અને વિકાસની પ્રાથમિકતાઓ પાયાના સ્તરેથી જ ઉભરી આવે તે સુનિશ્ચિત કર્યું છે. તેમણે શાસન પ્રણાલીઓમાં સતત વિકાસ લાવવા અને નાગરિકો તેમજ સંસ્થાઓ વચ્ચેના વિશ્વાસને વધુ ઊંડો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સેવા વિતરણને સુશાસનના પાયાના આધારસ્તંભ તરીકે ગણાવતા, તેમણે વર્ષ ૨૦૨૫ થી નેશનલ એવોર્ડ્સ ફોર ઈ-ગવર્નન્સ હેઠળ સમર્પિત ગ્રામ પંચાયત કેટેગરી દાખલ કરવા બદલ પંચાયતી રાજ મંત્રાલય અને DARPGની પ્રશંસા કરી હતી. તેમણે આ વર્ષે પંચાયતી રાજની પહેલો માટે ઈ-ગવર્નન્સ માટેના ચાર નેશનલ એવોર્ડ્સ મેળવવા બદલ પણ મંત્રાલયની પ્રશંસા કરી હતી, જે પાયાના સ્તરે ટેકનોલોજી-સક્ષમ શાસનની વધતી જતી ભૂમિકાને દર્શાવે છે. શ્રી સિંહાએ રાજ્યોને સ્થાનિક શાસનમાં નાગરિકો, ખાસ કરીને મહિલાઓની વધુ ભાગીદારી પર ભાર મૂકવા વિનંતી કરી હતી અને સામુદાયિક વિકાસ તથા શ્રેષ્ઠ જાહેર સેવા વિતરણ માટે સ્થાનિક સ્તરે સંચાલિત ઉકેલોને પ્રોત્સાહન આપવા માટે વિલેજ ઈનોવેશનની સ્થાપના કરવાની હિમાયત કરી હતી. કાર્યશાળાને સંબોધતા જમ્મુ-કાશ્મીર સરકારના ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી શ્રી જાવેદ અહમદ ડારે જમ્મુ-કાશ્મીરમાં આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ પંચાયતી રાજ મંત્રાલયનો આભાર માન્યો હતો. તેમણે પંચાયતની આગેવાની હેઠળના શાસન અને સેવા વિતરણને મજબૂત કરવામાં ટેકનોલોજીની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સશક્ત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરુચ્ચાર કર્યો હતો અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ કાર્યશાળા શ્રેષ્ઠ પદ્ધતિઓના આદાનપ્રદાનને પ્રોત્સાહન આપશે અને વિકસિત ભારતના વિઝનને આગળ વધારશે. પંચાયતી રાજ મંત્રાલયના સચિવ શ્રી વિવેક ભારદ્વાજે જણાવ્યું હતું કે પંચાયતી રાજ સંસ્થાઓ ગ્રામીણ શાસનના ડિજિટલી સશક્ત કેન્દ્રો તરીકે ઉભરી આવી છે, લગભગ ૨.૫ લાખ ગ્રામ પંચાયતો eGramSwaraj પ્લેટફોર્મ દ્વારા આયોજન, અમલીકરણ, નાણાકીય વ્યવસ્થાપન અને ઓડિટનું સંચાલન કરે છે. તેમણે નોંધ્યું હતું કે eGramSwaraj અને PFMS ના સંકલન દ્વારા ૩ લાખ કરોડથી વધુની પ્રક્રિયા કરવામાં આવી છે. મંત્રાલયના AI-સંચાલિત પ્લેટફોર્મ SabhaSaar પર પ્રકાશ પાડતા, તેમણે કહ્યું કે આ એપ્લિકેશન ૨૩ ભારતીય ભાષાઓમાં ગ્રામસભાની કાર્યવાહી તૈયાર કરે છે અને લગભગ ૧.૫ લાખ પંચાયતો દ્વારા તેને અપનાવવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે પંચાયતી રાજની પહેલોએ નેશનલ એવોર્ડ્સ ફોર ઈ-ગવર્નન્સ ૨૦૨૬ હેઠળ ત્રણ ગોલ્ડ અને એક સિલ્વર એવોર્ડ મેળવ્યા છે, જે પારદર્શક, જવાબદાર અને નાગરિક-કેન્દ્રિત શાસનને પ્રોત્સાહન આપવામાં ટેકનોલોજીની વધતી ભૂમિકા પર ભાર મૂકે છે. કાર્યશાળા દરમિયાન પંચાયતની આગેવાની હેઠળના સેવા વિતરણ અને પાયાની સ્તરની લોકશાહીને મજબૂત કરવા માટે આંતર-રાજ્ય શિક્ષણ, નવીનતા અને સહયોગના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ, ટેકનોલોજી-સક્ષમ શાસન અને જ્ઞાનની વહેંચણી દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓને સશક્ત બનાવવાના ચાલુ પ્રયાસો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, અને વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો કે આ કાર્યશાળા પાયાના સ્તરે નાગરિક-કેન્દ્રીય સેવા વિતરણને આગળ વધારવામાં મદદ કરશે. કાર્યક્રમ દરમિયાન, શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ગ્રામ પંચાયતો અને ગ્રામ્ય સ્તરના ઉદ્યોગસાહસિકો (VLEs) ને પાયાના સ્તરે સેવા વિતરણ અને ડિજિટલ શાસનમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાના પંડિતપોરા ગ્રામ પંચાયત અને કર્ણાટકના કોડગુ જિલ્લાના હુડીકેરી ગ્રામ પંચાયતને સેવા વિતરણમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ગ્રામ પંચાયતો તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના ઉત્કૃષ્ટ ગ્રામ્ય સ્તરના ઉદ્યોગસાહસિકોને પણ અંતિમ છેડા સુધી ડિજિટલ સેવા વિતરણમાં તેમના સતત યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# NHAI એ સેન્ટર ફોર ઈકોનોમિકસ ઓફ ટ્રાન્સપોર્ટેશન, મોબિલિટી એન્ડ લોજિસ્ટિક્સની સ્થાપના કરવા માટે એનસીએઈઆર સાથે MoU પર હસ્તાક્ષર કર્યા

**પરિવહન, મોબિલિટી અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે પુરાવા-આધારિત નીતિ ઘડતરને મજબૂત કરવા અને સંશોધનને પ્રોત્સાહન આપવા માટેની પહેલ**



કમલમ્,

રોડ પરિવહન ક્ષેત્રે પુરાવા-આધારિત નીતિ ઘડતરને મજબૂત કરવા અને ઉચ્ચ ગુણવત્તાવાળા સંશોધનને પ્રોત્સાહન આપવા માટેના એક મહત્વપૂર્ણ પગલામાં, નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચ (NCAER) સાથે એમઓયુ (સમજૂતી કરાર) પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ NCAER ખાતે 'NHAI સેન્ટર ફોર ઈકોનોમિક્સ ઓફ ટ્રાન્સપોર્ટેશન, મોબિલિટી એન્ડ લોજિસ્ટિક્સ'ની સ્થાપના કરવામાં આવશે, જે પરિવહન, મોબિલિટી અને લોજિસ્ટિક્સના અર્થશાસ્ત્રને સમર્પિત ભારતનું પ્રથમ કાયમી અને સ્વતંત્ર સંશોધન કેન્દ્ર છે. આ કેન્દ્રની સ્થાપના NHAI ના પ્રારંભિક યોગદાન સાથે કરવામાં આવી છે, અને NCAER અન્ય સંલગ્ન સંસ્થાઓ તેમજ ભાગીદારો પાસેથી પણ યોગદાન મેળવવા માટે પ્રતિબદ્ધ છે. NHAI મુખ્યાલય ખાતે NHAIના ચેરમેન, NCAERના ડીજી (ડાયરેક્ટર જનરલ) અને NHAI તેમજ NCAERના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં આ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રકારની સૌપ્રથમ પહેલ દેશના ઝડપથી વિસ્તરી રહેલા નેશનલ હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ અને સંચાલનમાં સંશોધન, ડેટા એનાલિટિક્સ અને પુરાવા-આધારિત નિર્ણય પ્રક્રિયાને સંકલિત કરવા પ્રત્યેની NHAI ની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પ્રસંગે NHAI ના ચેરમેન શ્રી સંતોષ કુમાર યાદવે જણાવ્યું હતું કે, "NHAI રાષ્ટ્રીય કનેક્ટિવિટી અને લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવામાં હંમેશા અગ્રેસર રહ્યું છે. NCAER સાથેની આ ભાગીદારી ઉચ્ચ ગુણવત્તાવાળા સંશોધન અને નીતિ વિશ્લેષણ માટે એક સમર્પિત પ્લેટફોર્મ પૂરું પાડશે, જે પરિવહન ક્ષેત્રે આયોજન, રોકાણ અને એસેટ મેનેજમેન્ટના નિર્ણયોને મજબૂત કરવામાં મદદ કરશે." આ કેન્દ્ર પરિવહન, મોબિલિટી અને લોજિસ્ટિક્સ પર વ્યવહારુ આર્થિક સંશોધન કરવા માટે એક સમર્પિત પ્લેટફોર્મ તરીકે કામ કરશે, જેનો મુખ્ય હેતુ રોડ અને પરિવહન ક્ષેત્રે લાંબા ગાળાના આયોજન, રોકાણ અને નીતિ ઘડતરને ટેકો આપવા માટે ઉપયોગી નિર્ણયો જાહેર કરવાનો છે. આ કેન્દ્ર નેશનલ હાઈવે અર્થશાસ્ત્ર, માલસામાનનું લોજિસ્ટિક્સ, મોડલ ઈન્ટિગ્રેશન, નેશનલ હાઈવે રોકાણની પ્રાદેશિક આર્થિક અસરો, ટોલ નીતિ, એસેટ મોનેટાઈઝેશન, માર્ગ સલામતીના પગલાં તેમજ નેશનલ હાઈવેના સંચાલન અને જાળવણીમાં ટેક્નોલોજી અપનાવવા જેવા વ્યાપક વિષયો પર નીતિ-સંબંધિત સંશોધન હાથ ધરશે. સંશોધનના આ પરિણામો માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, NHAI અને અન્ય સરકારી એજન્સીઓને એવી નીતિઓ અને કાર્યક્રમો તૈયાર કરવામાં મદદ કરશે જે સમગ્ર પરિવહન વ્યવસ્થામાં કાર્યક્ષમતા, ટકાઉપણું અને વપરાશકર્તાઓના અનુભવને બહેતર બનાવશે. સંશોધન ઉપરાંત, આ કેન્દ્ર પોલિસી બ્રીફ્સ, વર્કિંગ પેપર્સ, ફ્લેગશિપ રિપોર્ટ્સ, હિસ્સેદારો સાથે પરામર્શ, વર્કશોપ અને શૈક્ષણિક જોડાણો દ્વારા સંશોધનના તારણોનો પ્રસાર કરીને પરિવહન ક્ષેત્ર માટે નોલેજ હબ તરીકે સેવા આપશે. તે પરિવહન અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં ભવિષ્યની પ્રતિભાઓ અને સંસ્થાકીય ક્ષમતા વિકસાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે. આ કેન્દ્રનું સંચાલન એક સલાહકાર સમિતિ દ્વારા કરવામાં આવશે જેમાં અગ્રણી અર્થશાસ્ત્રીઓ, પરિવહન નિષ્ણાતો, જાહેર નીતિના નિષ્ણાતો અને પ્રતિષ્ઠિત શિક્ષણવિદોની સાથે NHAI ના મેમ્બર (ફાઈનાન્સ) અને NCAERના ડાયરેક્ટર જનરલ સામેલ હશે. આ ઉપરાંત, NHAI દ્વારા ગઠિત સ્ટીયરિંગ કમિટી સંશોધનની પ્રાથમિકતાઓની દેખરેખ રાખશે, પરિણામોની સમીક્ષા કરશે અને ઓથોરિટીની નીતિગત તેમજ વહીવટી જરૂરિયાતો સાથે તેનું સંકલન સરળ બનાવશે. NHAI આ સંસ્થાની સ્થાપના અને કામગીરીને દસ વર્ષના ગાળા માટે સહયોગ આપશે. પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મોબિલિટી સિસ્ટમ્સ અને લોજિસ્ટિક્સ નેટવર્કના આર્થિક પાસાઓની ઊંડી સમજણ કેળવીને, આ અનોખી સંસ્થા વધુ માહિતગાર નિર્ણય પ્રક્રિયાને ટેકો આપશે, નીતિગત અસરકારકતા વધારશે અને દેશમાં મજબૂત, આધુનિક અને વૈશ્વિક સ્તરના રાષ્ટ્રીય રાજમાર્ગ નેટવર્કના વિકાસમાં યોગદાન આપશે.

# આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં જામનગર તાલુકાની વિવિધ ૮ શાળાઓમાં ૧૭૫ બાળકોનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

**કન્યા કેળવણી મહોત્સવ દીકરીઓના ઉજ્જવળ ભવિષ્ય અને સશક્ત સમાજના નિર્માણ તરફનું મહત્વપૂર્ણ પગલું છે : મંત્રીશ્રી**







કમલમ્,જામનગર

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષ સ્થાને દડિયા પ્રાથમિક શાળા, એચ.એમ.નંદા માધ્યમિક શાળા અને નાઘુના પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ યોજાયા હતા. જેમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ દરેક બાળકના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણની શરૂઆત છે. ગુજરાત સરકાર શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. રાજ્યના દરેક બાળકને ગુણવત્તાયુક્ત અને આધુનિક શિક્ષણ મળે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી અભિયાન દ્વારા શિક્ષણનો વ્યાપ વધ્યો છે. ખાસ કરીને કન્યા કેળવણી મહોત્સવે દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપીને તેમને આત્મનિર્ભર, સશક્ત અને સ્વાવલંબી બનાવવાના અભિયાનને નવી દિશા આપી છે.આજે દીકરીઓ શિક્ષણ, વિજ્ઞાન, રમતગમત, આરોગ્ય, વહીવટ અને ઉદ્યોગ સહિતના તમામ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભાનો પરિચય આપી રહી છે. શાળાના દ્વારે પ્રવેશ કરતું દરેક બાળક આવતીકાલના વિકસિત ભારત અને આત્મનિર્ભર ગુજરાતનું ભવિષ્ય છે. શિક્ષણ એ એવી શક્તિ છે જે સામાન્ય પરિવારમાં જન્મેલા બાળકને પણ અસાધારણ સફળતાના શિખરો સુધી પહોંચાડી શકે છે. શાળા પ્રવેશોત્સવ માત્ર બાળકોને શાળામાં દાખલ કરવાનો કાર્યક્રમ નથી, પરંતુ શિક્ષણને સમાજના દરેક ઘર સુધી પહોંચાડવાનો કાર્યક્રમ છે, જેનો પાયો વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ નાખ્યો હતો અને આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાની હેઠળની સરકાર તેને સફળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વર્ષ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ જેવા જનભાગીદારી આધારિત અભિયાનનો પ્રારંભ કરીને શિક્ષણને પ્રાથમિકતા આપી હતી. તેમના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ શરૂ થયેલ આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના દરેક બાળકને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો અને ખાસ કરીને દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. મુખ્યમંત્રી શ્રીના નેતૃત્વમાં આ અભિયાન વધુ વ્યાપક અને અસરકારક બન્યું છે. રાજ્ય સરકાર દ્વારા શિક્ષણની ગુણવત્તામાં વધારો, શાળાકીય સુવિધાઓનું આધુનિકીકરણ, ડિજિટલ શિક્ષણ અને વિદ્યાર્થીઓને અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેના પરિણામે ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે અનેક સુધારાઓ આવ્યા છે.

મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને જામનગર તાલુકાની દડીયા પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આંગણવાડી, બાલવાટિકા, દડિયા પ્રાથમિક શાળા અને ગણેશનગર પ્રાથમિક શાળાના ૬૩ વિદ્યાર્થીઓ, એચ.એમ.નંદા માધ્યમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં એચ.એમ.નંદા માધ્યમિક શાળામાં ધો.૯માં ૫૨, આંગણવાડીના ૬, બાલવાટિકાના ૧૦ અને નારણપુર તાલુકા શાળાના ૬ વિદ્યાર્થીઓ તથા નાઘુના પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નાઘુના પ્રાથમિક શાળા, નવા નાઘુના પ્રાથમિક શાળા અને નવસર્જન ઉત્તર બુનિયાદી વિદ્યાલય નાઘુના, આંગણવાડી અને બાલવાટિકાના એમ કુલ ૩૮ બાળકોને શાળામાં આવકારવામાં આવ્યા હતા. આમ કુલ ૧૭૫ જેટલા વિદ્યાર્થીઓને મંત્રીશ્રી સહીતના મહાનુભાવોએ શૈક્ષણિક કીટ આપી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે શાળામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવનાર વિદ્યાર્થીઓનું પ્રમાણપત્ર આપી સમ્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ બચાવો જેવા વિષયો પર પ્રવચન તથા સંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમોમાં ધારાસભ્યશ્રી રાઘવજીભાઈ પટેલ, હાપા માર્કેટિંગ યાર્ડના ચેરમેનશ્રી મુકુંદ સભાયા, અગ્રણીશ્રી ડો.વિનોદભાઈ ભંડેરી, ગુજરાત રાજ્ય પાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી દિગ્વિજયસિંહ જાડેજા, તાલુકા પંચાયતના સભ્યશ્રી હીનાબેન હરવરા, દડિયા ગામના સરપંચશ્રી રાજેશભાઈ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, એસએમસી અધ્યક્ષશ્રી કમલેશ હરવરા, શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, આગેવાનો, ગ્રામજનો, વિદ્યાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મોઢવાડા ખાતે બાળકોને શાળામાં પ્રવેશ કરાવ્યો

**વાલીઓએ બાળકોના હાથમાં મોબાઇલને બદલે પુસ્તકો અને રમતગમતના સાધનો આપવા જોઇએ - મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા**



**મંત્રીશ્રીએ શાળા પ્રવેશોત્સવમાં શિક્ષણ, સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને વ્યસનમુક્તિનો આપ્યો સંદેશ**

કમલમ્,પોરબંદર

રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મોઢવાડા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી બાળકોને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. તેમણે શ્રી વી.જી. કારિયા હાઈસ્કૂલ, મોઢવાડા પે સેન્ટર શાળા, મોઢવાડા કન્યા શાળા તથા બાલવાટિકાના બાળકોને શૈક્ષણિક કિટ અર્પણ કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આંગણવાડીમાંથી શાળામાં પ્રવેશ મેળવનારા બાળકો માટે જીવનનો મહત્વપૂર્ણ તબક્કો શરૂ થઈ રહ્યો છે, જ્યારે ધોરણ ૮ અને ૧૦ પાસ કરીને ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે પણ નવી તકોના દ્વાર ખુલ્યા છે. તેમણે વિદ્યાર્થીઓને જ્ઞાન, સંસ્કાર અને મહેનત દ્વારા પોતાના પરિવાર, ગામ, જિલ્લા અને દેશનું ગૌરવ વધારવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ પ્રત્યે વાલીઓમાં જાગૃતિ વધી રહી છે અને સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં સતત સુધારો થઈ રહ્યો છે. તેમણે શિક્ષકોને બાળકોમાં માત્ર પુસ્તકીય જ્ઞાન નહીં પરંતુ સ્વચ્છતા, શિસ્ત અને સ્વાવલંબનના સંસ્કારોનું પણ સિંચન કરવા અપીલ કરી હતી. અને તેમણે વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાની ટેવ વિકસાવવાના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, પોતાના વર્ગખંડ, શાળા પરિસર અને શૌચાલયને સ્વચ્છ રાખવાની જવાબદારી વિદ્યાર્થીઓએ સ્વયં સ્વીકારવી જોઈએ. વાલીઓ અને શિક્ષકોના સંયુક્ત પ્રયાસોથી જ જવાબદાર અને સંસ્કારી નાગરિકોનું ઘડતર શક્ય બનશે. પર્યાવરણ સંરક્ષણ અંગે મંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના 'એક પેડ મા કે નામ' અભિયાનનો ઉલ્લેખ કરતાં દરેક વ્યક્તિને ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું જતન કરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વૃક્ષો ભવિષ્યની પેઢી માટે ઓક્સિજન અને પર્યાવરણના સંતુલનનું મહત્વપૂર્ણ સાધન છે. મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે રમતગમતમાં પણ આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે યુવાધનને તમાકુ, બીડી તથા અન્ય નશીલા પદાર્થોથી દૂર રહેવાનો સંદેશ આપતાં વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે સૌને સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. સાથે જ સોશિયલ મીડિયા અને સ્માર્ટફોનના અતિરેકથી સર્જાતા સાયબર ક્રાઈમ અને સામાજિક પડકારો અંગે ચિંતા વ્યક્ત કરી વાલીઓને બાળકોના હાથમાં મોબાઈલને બદલે પુસ્તકો અને રમતગમતના સાધનો આપવા અનુરોધ કર્યો હતો.અને મંત્રીશ્રીએ શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોને ભગવાન' સમાન ગણાવી જણાવ્યું હતું કે, શ્રેષ્ઠ શિક્ષણ અને સારા સંસ્કારો દ્વારા જ દેશનું ઉજ્જવળ ભવિષ્ય ઘડી શકાય છે. તેમણે શિક્ષકો, વાલીઓ અને સમાજને બાળકોના સર્વાંગી વિકાસ માટે સંયુક્ત જવાબદારી નિભાવવાની હાકલ કરી હતી.

મંત્રીશ્રીએ વાલીઓ સાથે સંવાદ કરી બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે તેમના સૂચનો અને મંતવ્યો પણ જાણ્યા હતા. વિદ્યાર્થીઓએ પણ પર્યાવરણ સંરક્ષણ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ વિવિધ પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. અને આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતી વનિતાબેન પાંડાવદરા, તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન શ્રી કેશુભાઈ ઓડેદરા, સરપંચ શ્રીમતી દેવીબેન પાંડાવદરા, જિલ્લા પંચાયત આઈસીડીએસ વિભાગના સીડીપીઓ શ્રીમતી કાજલબેન તથા શ્રી રાયસીભાઈ સહિત ગામના અગ્રણીઓ, શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ચાંગોદરમાં પ્લાઝ્મા ભેળસેળ કૌભાંડ મામલે આરોગ્ય વિભાગ સજ્જ, દોષિતો સામે કડક કાર્યવાહી થશે: આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા



**આ ઉત્તમ કામગીરી બદલ અમદાવાદની SOG પોલીસ તેમજ અધિકારીઓને અભિનંદન પાઠવતા રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા**

કમલમ્,અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ચાંગોદર વિસ્તારમાં બહાર આવેલા પ્લાઝ્મા ભેળસેળ અને હેરાફેરીના કૌભાંડને રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગે અત્યંત ગંભીરતાથી લીધું છે. આ મામલે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈપણ વ્યક્તિ કે તત્વને બક્ષવામાં નહીં આવે અને દોષિતો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ અને સંબંધિત તપાસ એજન્સીઓ દ્વારા કૌભાંડમાં સંડોવાયેલા લોકોની ભૂમિકા તપાસવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દર્દીઓની સુરક્ષા અને આરોગ્ય સેવાઓની ગુણવત્તા જાળવવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. શ્રી પાનશેરીયાએ જણાવ્યું હતું કે બ્લડ પ્લાઝ્મા જેવી જીવનરક્ષક સામગ્રીમાં ભેળસેળ કરવી અત્યંત ગંભીર અને માનવતાવિરોધી પ્રવૃત્તિ છે.

આવા કૃત્યો આરોગ્ય વ્યવસ્થા પ્રત્યે લોકોના વિશ્વાસને નુકસાન પહોંચાડે છે, તેથી સરકાર આ મામલે શૂન્ય સહનશીલતાની નીતિ અપનાવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં બ્લડ બેંકો, પ્લાઝ્મા કલેક્શન સેન્ટરો અને સંબંધિત એકમોની કામગીરી પર વધુ કડક દેખરેખ રાખવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે નિયંત્રણ અને મોનિટરિંગ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવશે. આરોગ્ય મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તપાસ પૂર્ણ થયા બાદ સમગ્ર કૌભાંડના તથ્યો બહાર આવશે અને જવાબદાર તમામ લોકો સામે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે. દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈને છોડવામાં નહીં આવે. પારદર્શક અને નિષ્પક્ષ તપાસ દ્વારા જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે."

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028